ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, વિદ્યુત લોકપાલ, ગુજરાત રાજ્ય,
ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોર, CMTS બિલ્ડીંગ, ટેલિફોન એક્સચેન્જ, બિમાનગર,
જીવનધામ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫.

સમક્ષ

કેસ નં. ૫૦/૨૦૨૫
Review of કેસ નં. ૪૨/૨૦૨૫
(Under Review)

અરજદાર : શ્રી રમણભાઇ સખીદાસ પટેલ
આશ્રય-૯, બ્લોક નં. એચ-૧/૬૦૪,
ખોડીયાર મંદિર સામે, ન્યુ રાણીપ,
અમદાવાદ-૩૮૨૪૭૦. મો. નં.૭૯૯૦૪૭૫૩૩૦.

રજૂઆત કરનાર: શ્રી રમણભાઇ સખીદાસ પટેલ.

વિરૂધ્ધ

સામાવાળા : કાર્યપાલક ઇજનેર,
મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ,
વિભાગીય કચેરી, પાનમ બ્રિજ પાસે,
૬૬ કે.વી. એસ.એસ., ગોધરા રોડ,
લુણાવાડા-૩૮૯૨૩૦, જી. મહિસાગર.

રજૂઆત કરનાર: શ્રી જે.વી.પટેલ, ના.ઇ., એમજીવીસીએલ, પેટા-વિભાગીય કચેરી, કોઠંબા.

::રજૂઆત::

૧.૦. અરજદારે, વિદ્યુત લોકપાલ, અમદાવાદનાં કેસ નં.૪૨/૨૦૨૫ અન્વયે અપાયેલ હુકમ નં.૧૩૯ તા.૨૪.૧૨.૨૦૨૫ થી નારાજ થઇ અત્રે સમીક્ષા અરજી દાખલ કરેલ છે. અરજદારે તા.૨૭.૧૨.૨૦૨૫ની સમીક્ષા અરજી દ્વારા કેસ નં.૪૨/૨૦૨૫નાં તા.૨૪.૧૨.૨૦૨૫નાં રોજ કરવામાં આવેલ હુકમને સમીક્ષા કરવા વિનંતી કરેલ છે. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો, ૨૦૧૯, જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ નં.૩.૪૭ હેઠળ સદર સમીક્ષા અરજીને આ ઓફિસમાં કેસ નં.૫૦/૨૦૨૫ (Review of કેસ નં.૪૨/૨૦૨૫) થી નોંધવામાં આવેલ છે. સદર કેસની સુનાવણી તા.૧૬.૦૧.૨૦૨૬નાં રોજ રાખવામાં આવેલ.

૨.૦ અરજદારે લેખિતમાં તેમજ સુનાવણી દરમ્યાન નીચે મુજબ રજૂઆત કરી.

૨.૧ અરજદાર દ્વારા તા.૨૭.૧૨.૨૦૨૫નાં રોજ પત્રથી લેખિતમાં નીચે મુજબ રજૂઆત કરેલ.

અરજદારનો સામાવાળા વીજ કંપનીનો કાયમી ગ્રાહક નં.૧૮૯૨૧/૦૦૩૪૯/૫ છે. અરજદાર માનનીય મુખ્ય સરકારી વકીલશ્રીની કચેરી, નામદાર ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદથી વય નિવૃત્ત થયેલ છે. વીજ પંચનાં હુકમ નં.૧૩૯ તા.૨૪.૧૨.૨૦૨૫માં લોકપાલની અસલ સહી નથી તથા સહીમાં એસડી લખેલ છે અને ખરી નકલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટના સિનિયર એડવોકેટની સૂચના મુજબ વિદ્યુત લોકપાલશ્રીનાં હુકમને નામદાર ગુજરાત હાઈકોર્ટની વિભાગીય ખંડપીઠમાં અપીલ મારફતે પડકારવાનો હોવાથી અસલ સહીવાળા હુકમની જરૂરિયાત હોવાથી મોકલવા નમ્ર વિનંતી છે. વિદ્યુત લોકપાલશ્રીનો હુકમ સરકારશ્રીના પરિપત્ર તથા ભારતના બંધારણ વિરુદ્ધ હોવાથી પડકારવો જરૂરી છે. વિદ્યુત લોકપાલશ્રીનાં હુકમ સામે નારાજ થઈ આ પુનઃવિચારણા અપીલ કરેલ છે. એમજીવીસીએલ ફોરમ, ગોધરાનો હુકમ નં-૩૮૩૧ તા.૦૮.૧૦.૨૦૨૫ તથા નામદાર વિદ્યુત લોકપાલશ્રીનો હુકમ એમજીવીસીએલ તરફી છે. અરજદારને સાચો ન્યાય મળેલ નથી તથા નામદાર વિદ્યુત લોકપાલશ્રીના હુકમમાં એવું લખવામાં આવેલ છે કે, અરજદારને ગેરસમજ થઈ છે તે વાત તદ્દન ખોટી છે. અરજદાર કાયદાના જાણકાર અને નિષ્ણાંત છે એટલે તો આ ગંભીર ભૂલો સામે સુધારા અરજી કરેલ છે. આ કેસના મજબૂત કારણો તથા કાનૂની પુરાવા નીચે મુજબ છે.

(૧) અરજદાર જણાવે છે કે ગુજરાત સરકારશ્રીના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના પરિપત્ર નં.જીયુવી-૨૦૧૬-૩૮૮૫-ક૧ તા.૦૫.૦૫.૨૦૨૫માં જણાવ્યા મુજબ રહેણાંક મકાન ગામતળ ને અડકીને આવેલું હોય અને તે સર્વે નંબરમાં હયાત ખેતીવાડી વીજ કનેક્શન ન હોય તો જ્યોતિગ્રામ ફિડર પર થી કનેક્શન આપી શકાય પરંતુ આ પરિપત્રમાં મકાન માલિકના પુરાવા તરીકે અસલ લેટેસ્ટ આકારણી પત્રક રજુ કરવા જણાવેલ નથી. માટે ગ્રાહક ફોરમ એમજીવીસીએલ, ગોધરા નો હુકમ ગેરકાયદેસર છે.

(૨) અરજદાર જણાવે છે કે સામાવાળા વીજ કંપનીની પેટા વિભાગીય કચેરી, કોઠંબાને અરજદારે તા.૦૯.૦૬.૨૦૨૫નાં રોજ સરકારશ્રીના પરિપત્ર મુજબ ફિડર બદલવા માટેની અરજી રજી. પોસ્ટથી મોકલાવેલ હતી. તેની સાથે ગામતળના સરકારી નક્શાની નકલ તથા નમૂના નં.૭/૧૨ની નકલ. સદર મકાન ગામતળને અડકીને આવેલ છે કે કેમ તેના પુરાવા માટે રજૂ કરેલ હતી. ત્યારબાદ પેટા વિભાગીય કચેરીનાં પત્ર ક્રમાંક નં. કેટીએચ/ટેક/૨૦૨૧ તા.૧૭.૦૭.૨૦૨૫ થી અંદાજીત રકમ ભરવા માટેનો પત્ર અરજદારને માનનીય લોકપાલ સાહેબશ્રી, ગુજરાત વીજ નિયમન પંચ, અમદાવાદની સુનાવણી દરમિયાન રૂબરૂ હાથોહાથ આપેલ હતો.

(૩) અરજદારે તા.૧૯.૦૭.૨૦૨૫નાં રોજ રજી.પોસ્ટથી સામાવાળા વીજ કંપનીની પેટા વિભાગીય કચેરી, કોઠંબાને અંદાજપત્રમાં કરેલી ૩ અતિ ગંભીર ભૂલો સુધારવા માટે અરજી કરેલ હતી. પ્રથમ ભૂલ ગ્રાહક નંબર ખોટો લખેલ હતો. અરજદારનો કાયમી પાકો ગ્રાહક નં.૧૮૯૨૧/૦૦૩૪૯/૫ છે.

જ્યારે અંદાજપત્રમાં બિન ગ્રાહક તરીકે દર્શાવી હંગામી ગ્રાહક નં. T:1893020677 જનરેટ કરેલ હતો. તેમાં એક નંબર મિસિંગ હતો. એમજીવીસીએલની ઇ પેમેન્ટ સીસ્ટમમાં નાખતા નોટ ફાઉન્ડ રીમાર્ક્સ આવતી હતી. બીજી ભુલ ફિડર બદલવાને બદલે કનેક્શન શિફ્ટીંગ લખેલ હતું તથા ત્રીજી ભૂલ અરજીની તા.૦૯.૦૬.૨૦૨૫નાં બદલે તા.૧૭.૦૭.૨૦૨૫ લખેલ હતી. જે ગેર કાયદેસર છે. નાણાં ભરવાની મુદત તા.૧૮.૦૮.૨૦૨૫ હતી તથા અંદાજીતરકમ રૂ.૨૩૧૦૬ હતી.

(૪) અરજદાર જણાવે છે એમજીવીસીએલ ફોરમ, ગોધરાનાં હુકમમાં નવેસર થી અરજી કરવી તથા લેટેસ્ટ આકારણી પત્રક તથા આધાર કાર્ડ પુરાવા તરીકે બીડવા તે ગેર કાયદેસર છે. કારણ કે જ્યારે અરજદારની ફિડર બદલવા માટેની તા.૦૯.૦૬.૨૦૨૫ની અરજી સાથે સરકારશ્રીનાં પરિપત્ર મુજબ ગામતળનાં સરકારી નક્શાની નકલ તથા નમુના નં.૭/૧૨ની નકલ રજૂ કરેલ. તેના આધારે વર્તુળ કચેરી, ગોધરા એ અંદાજપત્ર મંજૂર કરેલ. તેમાં લેટેસ્ટ આકારણી પત્રકની માંગણી કરવામાં આવી ન હતી. તો એમજીવીસીએલ ફોરમ, ગોધરાએ નવા આકારણી પત્રકની માંગણી કરી છે. જે ગેર કાયદેસર છે. આ એક જ કેસ છે. તો બીજી વખત માત્ર મુદત વધારવા માટે અરજી કરવાની રહે છે. નવી અરજી તથા નવું આકારણી પત્રક પુરાવા તરીકે આપવાના રહેતા નથી. સરકારશ્રીના પરિપત્ર મુજબ મિલકતનાં આકારણી પત્રકનો ઉપયોગ માત્ર કરવેરાની આકારણી માટે કરવાનો હોય છે. તેનો માન્ય પુરાવા તરીકે ઉપયોગ કરી શકાય નહિં. તેમજ રેશન કાર્ડનો ઉપયોગ માત્ર રેશન લાવવા માટે થાય છે. તેનો પણ માન્ય પુરાવા તરીકે ઉપયોગ કરી શકાતો નથી. જ્યારે અરજદારે સદર મકાનની માસ ઓગસ્ટ-૨૦૨૦માં નવા વીજ કનેક્શન માટે અરજી કરી હતી. ત્યારે તત્કાલીન નાયબ ઇજનેર, શ્રી આર.બી.માલીવાડની સુચના થી અસલ આકારણી પત્રક અરજી સાથે પેટા વિભાગીય કચેરી, કોઠંબામાં આપેલ હતું તથા મકાનની પુન:આકારણી જ્યારે મકાનનાં બાંધકામમાં ફેરફાર થાય તથા ક્ષેત્રફળમાં ફેરફાર થાય તો કરવેરામાં ફેરફાર થાય એટલે પુન: આકારણી કરાવવી પડે. મારા મકાનમાં આવો કોઇ ફેરફાર કરેલ નથી. જેથી કરીને મકાનની પુન: આકારણી કરાવવી યોગ્ય નથી. જેથી કરીને પુરાવા તરીકે લેટેસ્ટ આકારણી પત્રક આપી શકાય તેમ નથી. હાલ આ વીજ કનેક્શન ૮/૨૦૨૦ની સાલથી ચાલુ છે તથા દર બે માસે એમજીવીસીએલ દ્વારા વીજ બિલ આપવામાં આવે છે. તેમાં માલીક તરીકે અરજદારનું નામ છે તથા પ્લોટ ના નમુના નં.૭/૧૨માં પ્રથમ ખાતેદાર તરીકે મારૂં નામ છે તથા પ્લોટના નમુના નં.૭/૧૨માં પ્રથમ ખાતેદાર તરીકે અરજદારનું નામ છે તથા દર વર્ષે નિયમિત ઘર વેરો ભરવામાં આવે છે તથા ઘર વેરા રસીદમાં અરજદારનું નામ માલિક તરીકે દર્શાવેલ છે. આમ ત્રણ પુરાવા અરજદારની માલિકીના હોવા છતાં આકારણી પત્રકની માંગણી કરેલ છે. જે ગેર કાયદેસર છે. આ કેસ નવા વીજ કનેક્શન માટે નો નથી. માત્ર ખેતીવાડી ફિડરથી જ્યોતિગ્રામ ફિડર બદલવાનું છે એટલે એમજીવીસીએલ ફોરમ, ગોધરાનો હુકમ ભારતનાં બંધારણની વિરૂધ્ધ છે.નામદાર ગુજરાત હાઇકોર્ટ તથા નામદાર સુપ્રિમ કોર્ટની ગાઇડ લાઇન મુજબ સામાવાળા વીજ કંપનીની પેટા વિભાગીય

કચેરી, કોઠંબાએ કરેલી ગંભીર ભુલો સુધારી લેવી જોઇએ તથા સામાવાળા વીજ કંપનીની પેટા વિભાગીય કચેરી, કોઠંબાને સમર્થન આપવાના બદલે ૩ ગંભીર ભુલો સુધારવાનો આદેશ આપવો જોઇતો હતો. સદર કેસમાં સરકારશ્રીના પરિપત્રો તથાભારત ના બંધારણનુંપાલન કરવું જોઇએ કારણ કે ભારત એક લોકશાહી દેશ છે અને ભારતનું બંધારણ સર્વોપરી છે. તો અરજદારની પુન:વિચારણા અપીલ મંજુર કરવા માટે અરજદારની નમ્ર વિનંતી છે.

(૫) અરજદારે નીચે મુજબની નમ્ર અરજ કરેલ.

(૧) અરજદારની તા.૧૯.૦૭.૨૦૨૫ની સુધારા અરજી મંજૂર કરી રીવાઇઝ અંદાજપત્ર આપવું.

(૨) હુકમમાં પુરાવા તરીકે નવા આકારણી પત્રકની નોંધ રદ કરવી.

૩.૦. સામાવાળા વીજ કંપનીએ નીચે મુજબ લેખિતમાં તેમજ સુનાવણી દરમ્યાન રજૂઆત કરી.

૩.૧. સામાવાળા વીજ કંપની દ્વારા પત્ર નં.૨૩૦ તા.૨૦.૦૧.૨૦૨૬નાં રોજ નીચે મુજબની લેખિત રજૂઆત કરવામાં આવેલ.

સદર કેસ નં.૫૦/૨૦૨૫ (Review of કેસ નં.૪૨/૨૦૨૫) અરજદાર, શ્રી રમણભાઈ સખીદાસ પટેલ દ્વારા માનનીય વિદ્યુત લોકપાલ સમક્ષ કરેલ રજૂઆતનાં આધારે સામાવાળા વીજ કંપની જણાવે છે કે અત્યાર સુધીના કન્વીનરશ્રી, ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, ગોધરા અને માનનીય ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, વિદ્યુત લોકપાલ, ગુજરાત રાજ્ય દ્વારા આપવામાં આવેલ તમામ હુકમ અરજદાર, શ્રી રમણભાઈ સખીદાસ પટેલ તરફી આપવામાં આવેલ છે. તેમ છતાં અરજદાર, શ્રી રમણભાઈ સખીદાસ પટેલ દ્વારા માનનીય વિદ્યુત લોકપાલ, ગુજરાત રાજ્યનાં હુકમ નં.૧૩૯ તા.૨૪.૧૨.૨૦૨૫ની ફેરવિચારણા માટે GERC રેગ્યુલેશન નોટિફિકેશન-૨, ૨૦૧૯નાં ક્લોઝ નં.૩.૪૭ પ્રમાણે કોઇપણ પ્રકારનાં નવા પુરાવા કે અન્ય મુદ્દાઓ રજૂ કર્યા સિવાય માનનીય વિદ્યુત લોકપાલ સમક્ષ અરજી કરવામાં આવેલ છે. જેથી તે જ મુદ્દાઓ કે જેનો અગાઉ તેમની જ તરફેણમાં ચુકાદો થઇ ચૂકેલ છે તે જ બાબતે અરજદાર, શ્રી રમણભાઈ સખીદાસ પટેલ દ્વારા માનનીય વિદ્યુત લોકપાલ સમક્ષ ફેર તપાસની અરજી કરેલ હોઇ, જે રદ કરવા માનનીય વિદ્યુત લોકપાલશ્રીને વિનંતી કરેલ.

:::ચુકાદો:::

૪.૦. સુનાવણી દરમ્યાન અરજદારે કરેલ રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓને આધારે નીચે મુજબના નિર્ણય ઉપર આવું છું.

૪.૧. અરજદાર, શ્રી રમણભાઈ સખીદાસ પટેલની સદર દાખલ કરવામાં આવેલ Review અરજીની શરૂઆતમાં તેઓ દ્વારા વીજ પંચનાં હુકમ નં.૧૩૯ તા.૨૪.૧૨.૨૦૨૫માં લોકપાલની અસલ સહી નથી તથા સહીમાં એસડી લખેલ છે અને ખરી નકલ છે તેવો ઉલ્લેખ કરેલ છે તથા વધુમાં જણાવેલ કે નામદાર ગુજરાત હાઈકોર્ટના સિનિયર એડવોકેટની સૂચના મુજબ વિદ્યુત લોકપાલશ્રીનાં હુકમને નામદાર ગુજરાત હાઈકોર્ટની વિભાગીય ખંડપીઠમાં અપીલ મારફતે પડકારવાનો હોવાથી અસલ સહીવાળા હુકમની માંગણી કરેલ.

સદર બાબત અંગે જણાવવાનું કે અત્રેથી પક્ષકારોને હુકમની ખરી નકલ (Certified Copy) પુરી પાડવામાં આવે છે, જે બાબત અંગેની સ્પષ્ટતા અરજદાર, શ્રી રમણભાઈ સખીદાસ પટેલ દ્વારા પણ તેમની ઉપરોક્ત

રજૂઆતમાં કરવામાં આવેલ છે. સદર હુકમની ખરી નકલ (Certified Copy) પક્ષકારોને પૂરી પાડવાની પ્રક્રિયા The Bharatiya Sakshya Adhiniyam, 2023ની જોગવાઈઓ મુજબ યોગ્ય અને ન્યાયિક છે તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ અપીલ દાખલ કરવા/હુકમની અમલવારી માટે પણ હુકમની ખરી નકલ (Certified Copy) પક્ષકારોને પૂરી પાડવાની અત્રેની પ્રક્રિયા The Gujarat High Court Rules, 1993ની જોગવાઈ મુજબ યોગ્ય અને ન્યાયિક છે.

૪.૨. અરજદાર દ્વારા ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો, ૨૦૧૯, જાહેરનામા નં૨/૨૦૧૯ અંતર્ગતની કલમ નં.૩.૪૭ હેઠળ સમીક્ષા અરજી દાખલ કરવામાં આવી છે, જે કલમને વંચાણે લેતાં, તે નીચે મુજબ છે.

"૩.૪૭: ઓમ્બુડ્સમેન તેની પોતાની રીતે, કોઇપણ સમયે, સ્થળ નીચેનાં કારણોસર હુકમનાં ૩૦ દિવસમાં મૂળ કાર્યવાહીનાં કોઇપણ પક્ષકારોની અરજીને આધારે પોતાના હુકમની સમીક્ષા કરી શકશે.

૧. યોગ્ય મહેનત કર્યા પછી નવી અને અગત્યની બાબત કે પુરાવાની શોધ અંગે સમીક્ષા કરાવવા માંગતી વ્યક્તિની જાણમાં ન હોવાથી અથવા હુકમ કરતી વખતે તેનાં દ્વારા રજૂ ન કરી શકવાથી અથવા,

૨. રેકોર્ડ પરથી સ્પષ્ટ દેખાતી ભૂલ કે ખામી અથવા

૩. કોઇપણ પૂરતું કારણ

પરંતુ, તેના હુકમની સમીક્ષા શરૂ કરતાં પહેલાં, ઓમ્બુડ્સમેન તમામ પક્ષકારો હાજર થાય અને તેઓને સાંભળી શકાય તેવી તક આપશે."

૪.૩. સુનાવણી દરમ્યાન અરજદારની સદર સમીક્ષા અરજીમાં મુખ્ય રજૂઆત છે કે સામાવાળા વીજ કંપની દ્વારા અરજદારને આપવામાં આવેલ અંદાજપત્રમાં રહેલી ત્રણ મુખ્ય ભુલો સુધારી આપવી.
જેનાં સંદર્ભમાં સામાવાળા વીજ કંપનીએ સદર બાબત અંગે કોઇપણ વાંધો-વિરોધ દર્શાવેલ ન હતો અને અરજદારને સહયોગ આપવા મૌખિક સંમતિ દર્શાવેલ. જે બાબત અંગેનો અત્રેનાં કેસ નં.૪૨/૨૦૨૫માં હુકમ નં.૧૩૯ તા.૨૪.૧૨.૨૦૨૫ થી હુકમ કરવામાં આવેલ.

૪.૪. સદર સમીક્ષા અરજીમાં અરજદારે એ જ મુદ્દાઓ ઉઠાવ્યા છે, જે તેમનાં દ્વારા મૂળ રજૂઆતમાં પહેલાથી જ ઉઠાવવામાં આવ્યા હતાં અને તેનો નિર્ણય લેવામાં આવેલ હતો.

૪.૫. અત્રે હું નોંધું છું કે માનનીય સુપ્રીમ કોર્ટ દ્વારા નીચેના અવલોકનો સાથે ચુકાદાઓ જાહેર કરવામાં આવેલ.

1) The Hon'ble Supreme Court in review Petition (CRL) No 453 of 2012 in Writ Petition in CRL (135) of 2008 in the matter of Kamlesh Verma Vs. Mayawati & other has observed as under:

"This Court has repeatedly held in various judgements that the jurisdiction and scope of review is not that an appeal and it can be entertained only if there is an error apparent on the face of the record. A mere repetition through different counsel of old and overruled arguments. A second trip over ineffectually covered grounds or minor mistakes of inconsequential import are obviously insufficient."

2) The Hon'ble Supreme Court in the matter of Jain Studios Ltd Vs. Shine Satellite Public Co. Ltd (2006) 5 SCC 501) has also held as under:

> *"So far as the grievance of the Appellant on merits is concerned the learned counsel for the opponent is right in submitting that virtually the Appellant seeks the same relief which had been sought at the time of arguing the main matter and had been negatived. Once such a prayer had been refused, no review petition would lie which would convert rehearing of the original matter. It is settled law that the power of review cannot be confused with appellate power which enables a superior court to correct all errors committed by a subordinate court. It is not rehearing of an original matter. A repetition of old and overruled argument is not enough to reopen concluded adjudications. The power of review can be exercised with extreme care, caution, and circumspection and only in exceptional cases."*

૪.૬. અરજદારની સમીક્ષા અરજીમાં કરાયેલ રજૂઆતને અવલોકન પર લેતાં જણાઈ આવે છે કે તા.૨૪.૧૨.૨૦૨૫નાં રોજ વિદ્યુત લોકપાલ, અમદાવાદ દ્વારા પસાર કરાયેલા હુકમની સમીક્ષા માટે અરજદાર દ્વારા કોઈ નવા આધાર-પુરાવા રજૂ કરવામાં આવેલ નથી. વિદ્યુત લોકપાલ, અમદાવાદ દ્વારા કરવામાં આવેલ તા.૨૪.૧૨.૨૦૨૫નાં હુકમમાં કોઈ ભૂલ હોય તેમ જણાતું નથી. અરજદાર દ્વારા દાખલ કરવામાં આવેલ સમીક્ષા અરજીમાં તા.૨૪.૧૨.૨૦૨૫નાં રોજ કરવામાં આવેલ હુકમમાં કાનૂની ભૂલ જણાતી નથી. જેથી કરીને સદર હુકમનું પુનરાવલોકન કરવાની જરૂરિયાત ઉત્પન્ન થતી નથી.

૪.૭. ઉપરોક્ત અવલોકન મુજબ અરજદારની સમીક્ષા અરજી ચલાવવા પાત્રતા ધરાવતી નથી. તેથી, અરજદારની સદર અરજી રદ કરવામાં આવે છે.

૪.૮. આથી આ રીતે પેરા નં.૪.૭ મુજબ હુકમ કરવામાં આવે છે.

૪.૯. ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

૪.૧૦. ઉપરોક્ત જણાવેલ કારણો મુજબ અરજદારની રજૂઆત તા.૨૭.૦૧.૨૦૨૬નાં રોજ ફેસલ કરવામાં આવે છે.

S/d.
(પી.એ.વાઘેલા)
વિદ્યુત લોકપાલ
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

અમદાવાદ
તા.૨૭.૦૧.૨૦૨૬.